# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૮ (C) નું અનુકાર્ય

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય : તાઃ ૧/૯/૨૦૧૭ થી ૧૫/૯/૨૦૧૭ સુધી "સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી" કરવા બાબત.**

**સંદર્ભ : (૧) એસએસએ/મકમ/૧૭/૩૩૬૩૦-૩૩૭૩, તાઃ ૨૩/૮/૨૦૧૭**

**(૨) ન.પ્રા.શિ.સમિતિ પરિપત્ર નંઃ ૫૮ C, તાઃ ૧૧/૮/૨૦૧૭**

**આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તાઃ ૧/૯/૨૦૧૭ થી ૧૫/૯/૨૦૧૭ સુધી સ્વચ્છ પખવાડિયાની ઉજવણી કરવા માટે અગાઉ તાઃ ૧૧/૮/૨૦૧૭ ના રોજ પરિપત્ર નંબરઃ ૫૮ C થી જાણ કરેલ હતી જે માટેનું સમગ્ર આયોજન થઈ ગયેલ હશે. આ પખવાડિયા અંતર્ગત તારીખ, દિવસવાર કરવાની થતી કામગીરીની રૂપરેખા આ સાથે પરિશિષ્ટમાં સામેલ છે. તો તે મુજબ તારીખ, દિવસવાર પ્રવૃત્તિનું આયોજન કરવાનું રહેશે.**

**આપના દ્વારા આ પખવાડિયા દરમ્યાન થયેલ પ્રવૃત્તિ ના ફોટોગ્રાફ, વિડિયો, અહેવાલ વગેરે " સ્વચ્છ પખવાડા" ની ઉજવણી અંગે રોજેરોજ થયેલ કાર્યક્રમોનું મોનિટરીંગ કરવાનું થાય છે. જેમાં રોજે રોજ તાલુકા દીઠ એક વિડિયો બનાવી YouTube માં અપલોડ કરી તેની Link અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે. દરરોજ તાલુકા દીઠ ૧૦ ફોટોગ્રાફ (એક ફોટો -૧ MB સાઈઝ) અત્રેથી આપેલ ગૂગલ ડ્રાઈવમાં તારીખ વાઈઝ ફોલ્ડર બનાવી અપલોડ કરવા રહેશે. દરેક ફોટાની નીચે જે તે શાળાનું નામ અને તારીખ લખવાની રહેશે. રોજે રોજ જિલ્લા દીઠ એક વિડીયો હિન્દી ભાષામાં તૈયાર કરી YouTube માં અપલોડ કરી Link મોકલી આપવાની રહેશે. આ કામગીરી જિલ્લા MIS અને તાલુકા કક્ષાએ બ્લોક MIS એ કરવાની રહેશે. રોજે રોજ અપલોડ કરેલ વિડીયો અને ફોટોગ્રાફ મોનિટરીંગ કરવા ગુગલ ડ્રાઈવ માં બનાવેલ "સ્વચ્છતા પખવાડા ટ્રેકર શીટ" માં અપડેટ કરવાનું રહેશે. આ ગૂગલ શીટને આપના ઈમેઈલ આઈડીથી એકસેસ કરી શકાશે.**

| ક્રમ | ઝોન | ઝોનના નોડલ અધિકારીશ્રીનું નામ | ફોટો- વિડીયો એકત્ર કરનાર | ટેકનીકલ સપોર્ટ માટે બ્લોક એસ.આઈ.એસ નું નામ | બ્લોક એસ.આઈ.એસ નો મો. નંબર |
|---|---|---|---|---|---|
| 1 | ઉત્તર | ચંદ્રકાંતભાઈ ગામેતી | રાજેશભાઈ આમલિયાર | જીનલબેન ચૌહાણ | 7600594799 |
| 2 | મધ્ય | ડૉ. સત્યેન્દ્રસિંહ ઠાકુર | પ્રજ્ઞાબેન પંડ્યા | જીનલબેન ચૌહાણ | 7600594799 |
| 3 | પૂર્વ | ડૉ. સત્યેન્દ્રસિંહ ઠાકુર | કીશનસિંહ રાઠોડ | સ્વીટીબેન સોની | 9428267319 |
| 4 | દક્ષિણ | દિનેશભાઈ દેસાઈ | હસમુખભાઈ પટેલ | રચનાબેન મેહતા | 9408872497 |
| 5 | પશ્ચિમ | દિનેશભાઈ દેસાઈ | સ્નેહલબેન મોદી | લતાબેન યાદવ | 9712965802 |
| 6 | હિન્દી | ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી | દીનેશભાઈ કુશવાહ | વિજયભાઈ રાઠોડ | 9712963701 |
| 7 | ઉર્દૂ | ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી | દિપકભાઈ મુખર્જી | વિજયભાઈ રાઠોડ | 9712963701 |
| 8 | શહેરકક્ષા | ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી | જયદેશભાઈ દુબે | રાજેશભાઈ પટેલ | 9712963708 |

તા.૩૦-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**બિડાણ :**

**- પરિશિષ્ટ (તાઃ ૧/૯/૨૦૧૭ થી ૧૫/૯/૨૦૧૭ દરમ્યાન સ્વચ્છ પખવાડાની ઉજવણી માટેનો એક્શન પ્લાન)**

# પરિશિષ્ટ

## તા.૧ થી ૧૫ સપ્ટેમ્બર–૨૦૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડાની ઉજવણી માટેનો એકશન પ્લાન

**તારીખ વાઈઝ નીચે પ્રમાણે કાર્યક્રમ હાથ ધરવાના રહેશે.**

| | |
|---|---|
| તા.૧.૯.૨૦૧૭<br>(શુક્રવાર) | **સ્વચ્છતા માટેનો શપથ દિવસ**<br>• તા. ૧લી સપ્ટેમ્બર–૨૦૧૭ શુક્રવારના રોજ તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના તમામ શિક્ષકો, કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસે સ્વચ્છતાના શપથ સ્વચ્છ ભારત પખવાડા અંતર્ગત લેવાના રહેશે. |
| તા.૨.૯.૨૦૧૭<br>(શનિવાર) | **સ્વચ્છતા જાગૃતિ દિવસ**<br>• સ્વચ્છતા પખવાડાના બીજા દિવસે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)/પેરેન્ટસ ટીચર્સ એશોસીએશન (પી.ટી.એ.) ધ્વારા વાલીઓ અને શિક્ષકોની વચ્ચે સ્વચ્છતા અને ચોખ્ખાઈ બાબતે બેઠકનું આયોજન કરવાનું રહેશે તેમજ શાળાઓમાં તથા ઘરોમાં આરોગ્ય અને સ્વચ્છતા માટે સારી ટેવ કેળવાઈ તે માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત અને પ્રેરિત કરવા તેમજ શિક્ષકોએ પણ ઉત્સાહભેર ભાગ લેવો.<br>• એસએમસી અને વાલીઓ સાથે બેઠક<br>• પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ ધ્વારા સ્વચ્છતા વિશે વ્યાખ્યાન આપે.<br>• દરેક વર્ગમાં સ્વચ્છતા કવીઝનું આયોજન કરવું. |
| તા.૩.૯.૨૦૧૭<br>(રવિવાર) | **સ્વચ્છતા જાળવણી અને આયોજન દિવસ**<br>• તમામ શિક્ષકોએ શાળાઓના ટોઈલેટસ, સ્વચ્છ પીવાના પાણીની સુવિધા યોગ્ય છે કે નહિ તેનું નિરિક્ષણ કરી તેની જાળવણી કરવી. તેમજ નુકશાન થયેલ હોય તો તેને રીપેરીંગ કરાવવું તેમજ વધુ ખર્ચ થતો હોય તો તે માટે પ્લાન/પ્રપોઝલ બનાવવી.<br>• શાળાની સફાઈ ઝુંબેશ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ ધ્વારા હાથ ધરવી.<br>• શાળાની શૌચાલય, એમડીએમ કિચન, કલાસરૂમ, પંખા, બારીઓ અને કેમ્પસ અને તેની આજુબાજુના વિસ્તારની સફાઈ કરવી. |
| તા.૪.૯.૨૦૧૭<br>(સોમવાર) | **ગ્રીન શાળા ઝુંબેશ**<br>• ગ્રીન શાળા ઝુંબેશ અંતર્ગત તમામ શાળાઓમાં પ્રાયોજકો ધ્વારા મોટા ડસ્ટબીનો મુકવા. કચરાના નિકાલ માટે વાદળી અને લીલા રંગની ડસ્ટબીનનો ઉપયોગ કરતાં શિખવવો અને રિસાઈકલ/અનરિસાઈકલ માટેના વર્ગીકરણ વિશે બાળકોને સમજણ આપવી.<br>• શાળાના કેમ્પસમાં ઝાડ/છોડ વાવવા અને નકામું વહી જતું પાણીનો ઉપયોગ બગીચા માટે કરવો. |
| તા.૫.૯.૨૦૧૭<br>(મંગળવાર) | **સ્વચ્છતા સહભાગીતા દિવસ**<br>• કલસ્ટર, બ્લોક અને જિલ્લાકક્ષાએ સ્વચ્છ શૌચાલય અને સ્વચ્છ શાળા કેમ્પસની સ્પર્ધા યોજવી.<br>• સ્વચ્છતા અને આરોગ્ય માટે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે નિબંધ અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવું. નિબંધ સ્પર્ધા માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ધ્વારા અપાયેલ સૂચના પ્રમાણે કાર્યવાહી કરવી.<br>• વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું. ચિત્ર સ્પર્ધા માટે નિયામકશ્રી, જીસીઈઆરટી ધ્વારા આપવામાં આવેલ સૂચના પ્રમાણે કાર્યવાહી કરવી.<br>• સ્વચ્છતા અંગે ચર્ચા–વિચારણા કરવી.<br>• સ્વચ્છતા ઉપર કવિતાઓની રચના કરવી. |
| તા.૬.૯.૨૦૧૭<br>(બુધવાર) | **નખની સફાઈ દિવસ**<br>• વિદ્યાર્થીઓને આ દિવસે નખ કાંપવા અને જાળવવા બાબતે યોગ્ય માર્ગદર્શન આપવું.<br>• જુનુ સાહિત્ય રેકર્ડની જાળવણી અને નિકાલ કરવો.<br>• તમામ પ્રકારનું નકામી વસ્તુઓ, તુટેલું ફર્નિચર, વણવપરાયેલ સાધનો, વણવપરાયેલ વાહનો વગેરે વસ્તુઓનો કેમ્પસમાંથી નિકાલ કરવો. |
| તા.૭.૯.૨૦૧૭<br>(ગુરુવાર) | **હેન્ડ વોશ દિવસ**<br>• જમતા પહેલા હાથ ધોવાની સાચી રીત દરેક વિદ્યાર્થીઓને બતાવવી.<br>• શાળાની નજીકના વિસ્તારના લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવા. |

| | |
|---|---|
| તા.૮.૯.૨૦૧૭<br>(શુક્રવાર) | **<u>વ્યકિતગત સ્વચ્છતા દિવસ</u>**<br>• વ્યકિતગત સફાઈની મહત્તા વિશે વિદ્યાર્થીઓને અવગત કરવા.<br>• સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર કઈ રીતે સંકળાયેલા છે તે બાબતે સમજાવવું. |
| તા.૯.૯.૨૦૧૭<br>(શનિવાર) | **<u>શૌચાલય જાગૃતિ દિવસ</u>**<br>• શૌચાલયના ઉપયોગ સબંધિત બાબતથી બાળકોને અવગત કરવા.<br>• એમએમસીની મીટીંગ બોલાવવી, મિટીંગમાં શૌચાલયના ઉપયોગ બાબતનો એજન્ડામાં સમાવેશ કરવો.<br>• ગંદા પાણીના અસર કારક નિકાલ વ્યવસ્થા અંગે ચર્ચા કરવી. |
| તા.૧૦.૯.૨૦૧૭<br>(રવિવાર) | **<u>સમુદાય જાગૃતિ દિવસ</u>**<br>• શાળાની આજુબાજુનો વિસ્તાર અને ગામની સામૂહિક સ્વચ્છતાના કાર્યક્રમો યોજવા.<br>• રેલીનું આયોજન કરવું. |
| તા.૧૧.૯.૨૦૧૭<br>(સોમવાર) | **<u>સ્વચ્છ શાળા પ્રદર્શન દિવસ</u>**<br>• શાળાઓમાં સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે ફોટોગ્રાફસ, ચિત્ર, કાર્ટૂન અને સ્લોગનો શાળાના નોટીસ બોર્ડ પર મૂકવા અને વાલીઓ અને સમુદાયોના સભ્યોને પ્રદર્શન જોવા માટે આમંત્રિત કરવા.<br>• સ્થાનિક સહયોગ મેળવી સોશયલ મિડિયા, ઈલેકટ્રોનીકસ અને પ્રિન્ટ મિડિયા ધ્વારા જાહેરાત અને જાગૃતિ ફેલાવવી. |
| તા.૧૨.૯.૨૦૧૭<br>(મંગળવાર) | **<u>સ્વચ્છ પાણી દિવસ</u>**<br>• સંગ્રહિત પાણીની ચકાસણી કરવી.<br>• સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાઓ અને સંસ્થાઓ ધ્વારા સામૂહિક ભાગીદારીનું આયોજન.<br>• સલામત પીવાના પાણીને પ્રોત્સાહન આપવું અને પાણીજન્ય રોગોથી બચવા જાગૃતિ લાવવી.<br>• પાણીને કુદરતી રીતે સ્વચ્છ રાખવા "દા.ત. કુદરતી રીતે રેતી ધ્વારા ગાળવું. ફટકડીનો ઉપયોગ કરવો" |
| તા.૧૩.૯.૨૦૧૭<br>(બુધવાર) | **<u>સ્વચ્છ પાણી સંગ્રહ દિવસ</u>**<br>• વિદ્યાર્થીઓને સ્વચ્છતા સબંધિત મટીરીયલ વિશે માહિતી આપવી અને મટીરીયલ પુરુ પાડવું.<br>• શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ધ્વારા વોટર હાર્વેસ્ટીંગ (પાણી સંગ્રહ) બનાવવા આયોજન કરવું. |
| તા.૧૪.૯.૨૦૧૭<br>(ગુરુવાર) | **<u>પત્ર લેખન દિવસ</u>**<br>• બાળકો ધ્વારા ગામના સરપંચ, એસએમસીના સભ્યો, વાલીઓને સ્વચ્છતા અંગે પત્ર લખે, તેમાં શાળા સેનિટેશનની સફાઈ અને ઉપયોગ અંગે પોતાના વિચારો દર્શાવે.<br>• બાળકો ધ્વારા છેલ્લા થોડા દિવસો દરમ્યાન સ્વચ્છતા અંગે જે કાંઈ પણ શિખ્યા અને તેમના ધ્વારા તેમના માતા–પિતા ધ્વારા તેમની શું અપેક્ષા છે તે બાબતનો પત્ર તેમના માતા–પિતાને લખવો.<br>• આવા થોડા સારા પત્રો ડોકયુમેન્ટ સ્વરૂપે દરેક શાળાએ જિલ્લા કક્ષાએ એસએસએ કચેરીમાં મોકલવા. જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાએ મોકલવા. |
| તા.૧૫.૯.૨૦૧૭<br>(શુક્રવાર) | **<u>ગવર્મેન્ટ મિટીંગ દિવસ</u>**<br>• રાજયના શિક્ષણ મંત્રીશ્રી/સચિવશ્રી/કલેકટરશ્રી/શિક્ષણાધિકારીશ્રી/શાળા નિરિક્ષકો વગેરે ધ્વારા શાળાના વિદ્યાર્થીઓને સંબોધિત કરવા.<br>• બાળકો ધ્વારા સ્વચ્છતા પખવાડા દરમ્યાનના તેમના અનુભવો, ફોટોગ્રાફસ અને સંદેશાઓની શાળાઓ ધ્વારા "સ્લમ બુક" બનાવવી.<br>• સ્વચ્છ પખવાડા દરમ્યાન તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા કરવામાં આવેલ બેસ્ટ એકટીવીટી અને કામગીરીને જિલ્લા અને રાજયકક્ષાની મોકલી આપી વેબસાઈટ ઉપર અપલોડ કરવી અને પબ્લીક ડોમીનમાં મુકવી. આ માટે આપને જે સૂચના આપવામાં આવે તે રીતે અપલોડ કરવું. |